મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં અઠવાડીયામાં ડેન્ગ્યુના ૧૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા અઠવાડીયામાં સિવિલના ચોપડે ડેન્ગ્યુના ૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે સિવિલમાં ચાલુ વર્ષે ડેન્ગ્યુના કેસ ૫૦ ની આસપાસ પહોંચવા આવ્યા છે.શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા આરોગ્ય તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે ડેન્ગ્યુને નાથવા તંત્ર દ્વારા કામગીરી સઘન બનાવાઈ છે. ત્યારે સિવિલમાં તા.૩૦ ઓકટોબરથી ૫ નવેમ્બર દરમિયાન ડેન્ગ્યુ ઉપરાંત ચીકનગુનિયાના ૨, ટાઈફોઈડના ૨, કમળાના ૧૧ અને મેલેરીયાના ૧૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવાર વધુ સરળ બનતા દર્દીઓનો ધસારો વધ્યો છે. ચોમાસાની સિઝનમાં વરસાદ ખુબ વરસતા લોકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. ચોતરફ પાણી જ પાણી હતું.ચોમાસાની સિઝનમાં રોગચાળો કાબુમાં હતો. આરોગ્ય તંત્ર માંડ શાંતિથી બેઠુ હતું. ત્યા રાજયમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો હતો. સ્વાઈન ફલુના કહેરમાં તો કેટલાક નાગરીકોએ જીવ ખોવાનો વારો આવ્યો છે. શિયાળાની સિઝનના પ્રારંભે જ ડેન્ગ્યુના કેસ સામે આવતા આરોગ્ય તંત્ર પણ ચિંતિત બન્યું છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં કરવા તંત્ર દ્વારા સઘન કાર્યવાહી પણ કરવામાં આવે છે. પરંતુ વધતા જતા મચ્છરોને પગલે રોગચાળો કાબુમાં આવતો નથી. શહેરમાં અત્યારસુધીમાં ૫૦ જેટલા દર્દીઓ ડેન્ગ્યુના નોંધાયા છે.જયારે ડેન્ગ્યુની સાથે સાથે મેલેરીયાના ૧૪, કમળાના ૯ ટાઈફોઈડના ૨ અને ચીકનગુનિયાના પણ ૨ દર્દીઓએ દેખા દેતા તંત્ર હરકતમાં આવી ગયું છે. જયારે તા.૩૦ થી ૫ નવેમ્બર દરમિયાન ડેન્ગ્યુના ૧૮ કેસ સામે આવતા તંત્ર પણ કામે લાગી ગયું છે. દર્દીઓના નિવાસ સ્થાને ફોગીંગની તેમજ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવે છે. જયારે દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં પણ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. ત્યારે ડેન્ગ્યુના દર્દીઓએ દેખાદેતા આરોગ્ય વિભાગે પણ ડેન્ગ્યુને કાબુમાં કરવા કમરકસી છે. જયારે ડેન્ગ્યુ સામે શહેરના નાગરીકોએ પણ ખાસ તકેદારી રાખવાની જરુર છે.

પીડીપીયુના વિદ્યાર્થીઓ પિઠોરા અને બ્લોક પ્રિન્ટિંગ શીખ્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતેની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એનસીસીના એડિટ કોર્સ દ્વારા વિવિધ સર્જનાત્મક પ્રોજેકટસ હાથ ધરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં આ યુનિટ દ્વારા 'વન ડે સાયકલ રાઈડ ટુ અંબાપુર વાવ' અને પાટણ તથા 'મોઢેરાની હેરિટેજ સાઈટસની મુલાકાત' ગોઠવવામાં આવી હતી. હવે આ યુનિટ દ્વારા કાપડ અને કેનવાસ પર બ્લોક પ્રિન્ટિંગ તથા પિઠોરા પ્રિન્ટિંગનો વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો હતો.

પિઠોરા પ્રિન્ટિંગ કલાના છોટા ઉદેપુરના તેજગઢ ગામના જાણીતા કલાકાર છે. જેઓ પિઠોરા કલાને લોકપ્રિય બનાવવા કામ કરી રહ્યા છે. તેમણે પિઠોરા પ્રિન્ટિંગ વર્કશોપ સંચાલિત કર્યો હતો. આજ રીતે બ્લોક પ્રિન્ટિંગના જાણીતા કલાકાર જયંતિભાઈ ચિનારા જેમનો આ કલા ક્ષેત્રે ૩૫થી વધુ વર્ષોનો અનુભવ છે તેમણે બ્લોક પ્રિન્ટિંગ વર્કશોપ સંચાલિત કર્યો હતો. આ વર્કશોપમાં ૫૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓ પિઠોરા કલાના વિવિધ પ્રતિકો ઉપરાંત નેચરલ કલર બનાવવાનું અને તેને મિકસ કરવાની પધ્ધતિઓ શીખ્યા હતા. આ પ્રોજેકટમાં નીતા ખુરાના તથા ખુશાલી પુરોહિતે પ્રોજેકટ ઓર્ડિનેટર્સની ભૂમિકા નિભાવી હતી.

ચોટીલા દર્શન કરવા ગયા ને એકટીવા ઉઠાવી લાવ્યા

એસ.ઓ.જી.એ વધુ બે વાહનચોરને પકડી પાડયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એસઓજીની ટીમે ચોકકસ બાતમીને આધારે ખાત્રજ ચાર રસ્તા પાસેથી બે વાહનચોરોને દબોચી લીધા છે. તેમની પાસેથી એકટીવા પકડાયું તે નંબર પ્લેટ વગરનું હતું અને તે એકટીવા તે બંને ચોટીલા દર્શન કરવા ગયા હતા ત્યાંથી ઉઠાવ્યું હોવાની કબુલાત કરી છે. તે ઉપરાંત અગાઉ તેમણે એક બાઈક પણ ચોર્યું હોવાનું અને રૂપિયાની જરૂર હોવાથી પિયજ ખાતે એક વ્યકિત પાસે ગીરો મુકયું હોવાનું ખુલ્યું છે. એસઓજીએ બંનેની ધરપકડ કરીને ઉંડી પુછતાછ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની એક ટીમ વાહનચોરો પકડવા સક્રીય છે ત્યારે આજે વધુ બે વાહનચોરોને પકડી પાડવામાં આ ટીમને સફળતા મળી છે. બાતમીને આધારે ટીમ ખાત્રજ ચોકડી પાસે વૉચ પર ગોઠવાઈ ગઈ હતી અને નંબર વગરનું એકટીવા લઈને નીકળેલા

વાસજડા ગામના જીતેન્દ્ર ઉર્ફે જીતુ જયંતી ઠાકોર અને સંજય ઉર્ફે બલા જશા ઠાકોરને પકડી સઘન પુછપરછ કરતા કબુલાત કરી હતી કે આ એકટીવા તેમણે બેસતા વર્ષે ચોટીલા દર્શન કરવા ગયા હતા ત્યારે ત્યાંથી ઉઠાવી લીધું હતું અને નંબર પ્લેટ કાઢીને ફેરવતા હતા. તે ઉપરાંત વધુ પુછપરછમાં બહાર આવ્યું છે કે ફેબ્રુઆરી માસમાં ઉનાલી ગામેથી પણ આ બંનેએ એક બાઈક ચોરી કર્યું હતું અને પૈસાની જરૂરીયાત ઉભી થતા બાઈક પીયજ ગામના મહેશ ઉર્ફે જાડો કાન્તીજી ઠાકોર પાસે રૂ. ૧૩,૫૦૦માં ગીરો મુકયું હતું. બંને વાહનો રીકવર કરી મુદ્દામાલ અને આરોપીઓ સાંતેજ પોલિસને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

વાતવાતમાં

● પથિકાશ્રમ સર્કલથી વાવોલ તરફ જતા માર્ગ નં. ૩ પર સિવિલ હોસ્પિટલના ગેટ પાસે એક રીક્ષા અચાનક પલ્ટી ખાઈ જતા પાછળ આવતી કારના ચાલકે જોરદાર બ્રેક મારી વધુ અકસ્માત થતો બચાવ્યો પરંતુ જયારે બહાર નીકળીને એકઠાં થયેલા અન્ય વાહનચાલકો સાથે મળીને રીક્ષા ઉભી કરી ચાલકને બહાર કાઢયો ત્યારે તે ચિક્કાર નશામાં ધુત જોવા મળ્યો હતો. જો કે રીક્ષા ચાલકને નજીવી જ ઈજાઓ હોવા છતાં વાહનચાલકોએ તેને રોડ સાઈડમાં બેસાડી માનવતાના ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી લીધી હતી.

એલસીબીએ છત્રાલ તથા દહેગામથી દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે આજે વધુ બે દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવ્યો છે. છત્રાલ-ગોગાપરામાં રહેતા લખન બળદેવ ઠાકોર તેના ઘરે દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મળતા એલસીબીની ટીમે રેડ કરતા તેના ઘર પાસેથી લખનનો ભાઈ મહેશ ઉર્ફે રાજુ મળી આવ્યો હતો. તેની પાસેના એકટીવાની ડેકી ચેક કરતા અંદરથી દારૂની બોટલો મળી આવી હતી. બીજો જથ્થો ઘરે પડયો હોવાની કબુલાત કરતા ઘરે તપાસ કરી તો ત્યાંથી પણ મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીએ ૪૬૮ નંગ દારૂની બોટલો તથા એકટીવા મળી રૂ. ૯૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મહેશની ધરપકડ કરી લીધી છે. પુછપરછમાં જાણવા મળ્યું છે કે મહેશનો ભાઈ લખન આ માલ બનાસકાંઠાના ધાનેરા તાલુકાના લવારા ગામમાં રહેતા પ્રતાપ ઉર્ફે પાતીયો ગણેશ મારવાડી પાસેથી લાવ્યો હતો તે દિશામાં તપાસ શરુ કરવામાં આવી છે.

તો બીજી તરફ એલસીબીની એક ટીમે દહેગામના પાલૈયા બી.કે. નગરની સામે નિલકંઠ છાપરામાં ભુપેન્દ્ર ઉર્ફે અબ્દુલ મહેશ ઠાકોરના દેશી દારૂના અડ્ડે દરોડો પાડી ૧૦૫ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે અને ભુપેન્દ્રની પણ ધરપકડ કરી લીધી છે.

પ્રાંતિયા પાસે ડમ્પરની અડફેટે રિક્ષા ડ્રાઈવરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ખેડાથી બે મિત્રો સીએનજી રીક્ષા લઈને ગાંધીનગર જિલ્લાના હાલીસા ગામના ચેહર માતાજીના મંદિરે દર્શન કરવા ગઈ બપોરે આવી રહ્યા હતા ત્યારે નેશનલ હાઈવે નં. ૮ ઉપર પ્રાંતિયા ગામના પાટીયા પાસે બેફામ ગતિએ સામેથી આવી રહેલી આઈવા ડમ્પરે રિક્ષાને અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં રિક્ષા ડ્રાઈવર યુવાનનું મૃત્યુ નિપજયું હતું. જયારે તેના મિત્રને ઈજાઓ થતા હોસ્પિટલ લઈ જવાયો હતો. ડભોડા પોલિસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

ખેડા જિલ્લાના સમાદરા ગામમાં રહેતા ૩૦ વર્ષીય પ્રકાશભાઈ સરતાનભાઈ રબારી અને તેમના અમદાવાદ ગોમતીપુર વિસ્તારમાં રહેતા મિત્ર કનુભાઈ કરશનભાઈ રબારી બંને મિત્રો ગઈ કાલે રિક્ષા લઈને ગાંધીનગર નજીક હાલીસા ગામે ચેહરમાતાના મંદિરે દર્શન કરવા નીકળ્યા હતા. ગઈ બપોરે તેમની રિક્ષા પ્રાંતિયા-પાલજ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે પ્રાંતિયા ગામની સીમમાં તેમની રિક્ષાને સામેથી ધસમસતી આવતી ડમ્પરે અડફેટે લઈ લીધી હતી. જીજે ૧૮ એયુ ૮૮૦૯ નંબરની ડમ્પરે રિક્ષાને ટકકર મારી ડમ્પર મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા બંને મિત્રને હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં રસ્તામાં જ રિક્ષાચાલક પ્રકાશભાઈ રબારીનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ફરાર ડમ્પરચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

સર્જનાત્મકતા સાથે સર્વાંગી વિકાસની થીમ સાથે શ્રીમાળી બ્રાહ્મણ સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન સમારોહ તા. ૧૨મી નવેમ્બરના રોજ યોજાશે. જેમાં સમાજના તેજસ્વી તારલાનું સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનો ત્રિવેણી ઉત્સવ ઉજવાશે. સમાજના કેજીથી માંડીને ઉચ્ચ અભ્યાસ કરતા યુવા વિદ્યાર્થીઓનું જ્ઞાતિ અગ્રણીઓના હસ્તે સન્માન કરવામાં આવનાર છે.

'સર્જનાત્મકતા સાથે સર્વાંગી વિકાસ'થીમ આધારિત આ અનોખો સ્નેહમિલન કાર્યક્રમ ગાંધીનગર સ્થિત હોટેલ ઘુંઘટ ખાતે યોજાશે. જેમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે ઉલ્લેખનીય પ્રદાન આપનાર ઉજ્જવળ કારકિર્દી ધરાવતા જ્ઞાતિ રત્નોનું પણ સન્માન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનમાં ભાગ લેવા માટે જ્ઞાતિબંધુઓએ તેમના સંતાનોની માર્કશીટ તેમના સેકટરના પ્રતિનિધિઓને વહેલી તકે મોકલી આપવા તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પોતાની કૃતિ રજૂ કરવા ઈચ્છતા જ્ઞાતિના કલાકારોએ તેમની એન્ટ્રી સમયસર મોકલી આપવા સમાજના પ્રમુખ વિપીનભાઈ ઓઝા તથા મંત્રી પરેશભાઈ ત્રિવેદી દ્વારા સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે.

ચિલોડામાં ઈવીએમ અને વીવીપેટ મશીન અંગે માર્ગદર્શન

ચિલોડા, તા.૮

આગામી વિધાનસભાની ચુંટણીને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ઝોનલ અધિકારી દ્વારા ચિલોડા ગ્રામ પંચાયત ખાતે ઈવીએમ અને વીવીપેટ દ્વારા આપનો મત કેવી રીતે આપશો? અંગે મશીન વિશે નિદર્શન દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચૂંટણીમાં પ્રથમ વખત ઈવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. બેલેટ યુનિટ, પસંદગીના ઉમેદવારના નામ, ચિન્હ સામેનું વાદળી બટન, છપાયેલ વીવીપેટના નિર્દેશન કાચમાંથી જોઈ શકાય તેવી કાપલી, પ્રિન્ટર દ્વારા પસંદ કરેલા ઉમેદવારનો ક્રમ, નામ અને ચિહ્ન સાથે મત કાપલી છપાશે. જે મત કાપલી સાત સેકન્ડ સુધી મતદાર જોઈ શકશે. ત્યારબાદ તે કપાઈને પ્રિન્ટર નીચે રાખવામાં આવેલ ડ્રોપ બોકસમાં પડશે અને બીપ અવાજ સંભળાશે વગેરે બાબતો વિશે પ્રેકટીકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઝુંડાલ બસ સ્ટેન્ડ નજીકથી ચોરીના એકટીવા સાથે મહિલા પકડાઈ

ચાંદખેડા વિસ્તારમાંથી ચોરાયેલુ એકટીવા અડાલજ પોલિસે રીકવર કર્યું

ગાંધીનગર, તા.૮

અડાલજ પી.આઈ. જે.ડી. વાઘેલાની ટીમના પી.એસ.આઈ. એ.જી. એનુરકાર અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકકસ બાતમી મળી હતી કે એક મહિલા ગાંધીનગરથી ઝુંડાલ થઈ ચાંદખેડા તરફ સફેદ એકટીવા લઈને જઈ રહી છે તે શંકાસ્પદ છે. જેને આધારે ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસે વૉચ ગોઠવીને તે મહિલાને ઉભી રખાવી એકટીવામાં કાગળો અંગે પુછતાં મહિલા પાસેથી મળી આવ્યા ન હતા કે સંતોષકરક જવાબ પણ આપી શકી ન હતી. આ એકટીવાના નંબર આધારે તપાસ કરતાં ચાંદખેડા વિસ્તારમાંથી આ એકટીવા ચોરી થયેલું હોવાનું પોલિસ સ્ટેશનના રેકર્ડ પરથી જાણવા મળ્યું હતું. જેને આધારે અડાલજ પોલિસે એકટીવા જપ્ત કરી ચાંદખેડા ન્યુ સીજી રોડ પર મહારાજા એવન્યુ ફલેટ ખાતે રહેતી મહિલા નયનાબા દિલીપસિંહ વાઘેલા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને એકટીવા અંગે તપાસ શરુ કરી છે.

નેશનલ પેરા સ્વિમીંગમાં સાઈ ગાંધીનગરના સ્વિમર્સનો તરખાટ

ત્રણ પેરા સ્વિમર્સે મળીને પાંચ ગોલ્ડ અને ચાર સિલ્વર સાથે કુલ દસ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાઈના ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતમાં ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. ગઈ કાલે ઝારખંડના દુમકા ખાતે સમાપન થયેલ સબ જુનિયર કબડ્ડી ચેમ્પિયનશીપમાં ગાંધીનગર સાઈની બૉયઝ અને ગર્લ્સ બંને ટીમ ચેમ્પિયન થવા પામી હતી. આજે રાજસ્થાનના ઉદેપુર ખાતે મહારાણાપ્રતાપ ખેલ ગાંવમાં સમાપન થયેલ ૧૭મી નેશનલ પેરા સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં ત્રણ તરણવીરોએ પાંચ ગોલ્ડ સાથે ૧૦ મેડલ્સ જીતી તરખાટ મચાવ્યો છે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ખાતેના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના પેરા સ્વિમર્સે ભારતની પેરાલ્મ્પિક કમિટિ ઓફ ઈન્ડિયા દ્વારા પેરા સ્પોર્ટસ એસોસિએશન ઓફ રાજસ્થાનના સંયુકત ઉપક્રમે ઉદેપુરના મહારાણા પ્રતાપ ખેલ ગાંવ ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ૧૭મી પેરા સ્વીમીંગ ચેમ્પિયનશીપ ૨૦૧૭માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ સ્પર્ધા તા. ૪ થી ૮ નવેમ્બર દરમિયાન યોજાઈ હતી. જેમાં સુમિત રાજેન્દ્ર કુરાને એ ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ્સ તથા ૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ, પ્રથમેશ સાંભાજી કપાડેએ ૧૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ તથા ૫૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૪x૧૦૦મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં સિલ્વર મેડલ ઉપરાંત ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ્સ, આફ્રિદ મુક્તાર અત્તરે ૨૦૦ મી. વ્યકિતગત, ૨૦૦મી. મિડલે અને ૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેડલ્સ તથા ૧૦૦ મી. બટરફલાયમાં સિલ્વર મેડલ જીત્યા છે. આમ સબ જુનિયર અને જુનિયર કેટેગરીમાં કુલ મળીને પાંચ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૧ બ્રોન્ઝ સાથે ૧૦ મેડલ્સ જીતી આ ખેલાડીઓએ સાઈ ગાંધીનગરનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ગુંજતું કર્યું છે. આ તમામ પેરા ખેલાડીઓને સાઈ ખાતે કોચ રીના દાસ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. પેરા સ્વિમર્સના ઉત્કૃષ્ટ પ્રદર્શનના પગલે સાઈના ઈન્ચાર્જ રિજીયોનલ ડાયરેકટર વિરસિંહ ચૌહાણે અભિનંદન પાઠવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા સાઈ ગાંધીનગરને પેરાલ્મ્પિક સ્પોર્ટસ માટે સ્પેશિયલ તાલીમ કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

દુઃખદ અવસાન

ગંગારામ જેઠીદાસ સાધુ (એલઆઈસી રીટાયર્ડ કલાર્ક)ના ધર્મપત્ની તથા દર્શન અને સુનિલના માતૃશ્રી શાંતાબેનનું નિધન તા. ૭-૧૧-૨૦૧૭ને મંગળવારના રોજ થયેલ છે. જેમનું જારદ અને પાઠ તા. ૧૧-૧૧-૨૦૧૭ને શનિવારના રોજ સાંજે તેમના હાલના નિવાસસ્થાન મુ. બોરીજ (ગાંધીનગર) ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. અંકુર જીતેન્દ્રભાઈ પટેલ, ઉ.વ. ૪૨
- સ્વ. દિપીકાબેન કાનજીભાઈ ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. ભવાનજી કોયાજી સોલંકી, ઉ.વ. ૯૦
- સ્વ. સરોજબેન દિલીપભાઈ દવે, ઉ.વ. ૬૫